# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/346 Dt. 05/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સની લેડીઝ વિંગ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન – કિચન ગાર્ડન વિષે કાર્યક્રમ યોજાયો

## ટેરેસ પર ઓછા ખર્ચે અને ઓછી જગ્યામાં શાકભાજી, ફળો તથા ઔષધીય છોડ કેવી રીતે ઉગાડી શકાય તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ સમજાવવામાં આવી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વિંગ અને એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડ્રી કમિટી દ્વારા કૃષી વિજ્ઞાન કેન્દ્ર સુરત તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સોમવાર, તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે ટેરેસ ગાર્ડનિંગ પ્રેઝન્ટેશન – કિચન ગાર્ડન વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરની લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ ઉપસ્થિત મહાનુભાવો અને બહેનોનું સ્વાગત કરી ટેરેસ ગાર્ડનિંગ તથા ઘરઆંગણે શાકભાજી ઉગાડવાની જરૂરિયાત અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, શહેરોમાં વધતા પ્રદૂષણ અને જીવનશૈલીના ફેરફારોને ધ્યાનમાં રાખીને ઘરઆંગણે કિચન ગાર્ડન વિકસાવવું અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે. તેમણે ઘરને હરિયાળી બનાવી સ્વસ્થ રહેવાની બાબત પર પ્રકાશ પાડયો હતો.

મુખ્ય વકતા તરીકે શ્રીમતી ભકિતબેન પંચાલ (સાયન્ટિસ્ટ–હોર્ટિકલ્ચર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરત) દ્વારા કિચન ગાર્ડન સંદર્ભે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ટેરેસ પર ઓછા ખર્ચે અને ઓછી જગ્યામાં વિવિધ શાકભાજી, ફળો તથા ઔષધીય છોડ કેવી રીતે ઉગાડી શકાય તેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ સમજાવી હતી. સાથે જ ઓર્ગેનિક ખાતર, પાણી વ્યવસ્થાપન, મોસમી પાકોની પસંદગી અને રોગ નિયંત્રણ અંગે ઉપયોગી જાણકારી આપી હતી.

સુરત મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલાએ જણાવ્યું હતું કે, ટેરેસ ગાર્ડનિંગ દ્વારા શહેરોમાં સીમિત જગ્યાનો સદુપયોગ કરી હરિયાળી વધારી શકાય છે તેમજ ઘરમાં તાજું અને સ્વસ્થ શાકભાજી મેળવવું શકય બને છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સુરતના ડેપ્યુટી ડિરેકટર શ્રી જનકસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, યોગ્ય માર્ગદર્શન અને ઓર્ગેનિક પદ્ધતિઓ અપનાવીને ટેરેસ પર ઓછા ખર્ચે વિવિધ શાકભાજી અને ઔષધીય છોડ સફળતાપૂર્વક ઉગાડી શકાય છે.

ચેમ્બરની લેડીઝ વિંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ આભાર વિધિ રજૂ કરી હતી. તેમણે કાર્યક્રમના સફળ આયોજન માટે તમામ સહયોગી સંસ્થાઓ, મહાનુભાવો અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

ચેમ્બરની લેડીઝ વિંગના સભ્ય શ્રીમતી પ્રજ્ઞાબેન કડાકિયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડ્રી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયા અને લેડીઝ વિંગની મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ ઉપસ્થિત બહેનો અને નાગરિકો માટે ખૂબ જ માહિતીસભર અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. ટેરેસ ગાર્ડનિંગ અને કિચન ગાર્ડનિંગ દ્વારા સ્વચ્છ, તાજું અને ઝેરમુકત ખોરાક મેળવવાની દિશામાં લોકોને પ્રોત્સાહન મળ્યું હતું.